ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા. ૮-૪-૨૦૨૧, ગુરૂવાર




**કોરોનાનું બિહામણું ચિત્ર**

# સાબરકાંઠા, અરવલ્લીમાં દર્દીઓ વધી જતાં ઓક્સિજન, રેમડેસિવિર ઈન્જેક્શનની અછત

## ૫૦૦ ઈન્જેક્શનની માંગ સામે માત્ર ૨૫૦ મળ્યા, દર્દીઓના સગાઓમાં ઉચાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડા કરતાં કોરોનાનું બિહામણું ચિત્ર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સામે આવ્યું છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન બંન્ને જિલ્લામાં કોરોના દર્દીઓ માટે ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછતથી વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને ઓક્સિજનનો સપ્લાય વધારવા માટે કામગીરી સોંપવામાં આવી છે. જિલ્લામાં વધતા કોરોનાના કેસને કાબુમાં લેવા માટે ૫૦૦ રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ સામે માત્ર ૨૫૦ નો જથ્થો અપાતાં અફડા તફડી મચી ગઈ છે. તંત્રનું કહેવું છે કે બારકોડીંગ થયું ન હોવાથી ઓછો જથ્થો આવ્યો છે. જો કે દર્દીઓના સગાઓને આ વાત ગળે ઉતરતી નથી. સમગ્ર ગુજરાત રાજ્ય કોરોનાની ગંભીર ઝપેટમાં આવી જતાં ઓક્સિજનની સાથે ઈન્જેક્શનની અછતનું મહાસંકટ ઉભું થયું છે.

જિલ્લાને કોરોનાની પ્રચંડ લહેરે ઘમરોળી નાખ્યો છે. છેલ્લા સપ્તાહથી મોંઘવારી, પાણીની અછત, બેરોજગારી જેવા મુદ્દા હોંશિયામાં ધકેલાયા છે અને હવે માત્ર કઈ હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓની સારવાર થાય છે તે મુદ્દો હાવિ થયો છે. જિલ્લાના બાયડ, મોડાસા, હિંમતનગર, ખેડબ્રહ્મા,



ઈડર, પ્રાંતિજ સહિતના વિસ્તારો કોરોનાથી વધુ પ્રભાવિત છે પરંતુ ખાનગી આંકડાએ સમગ્ર ૧૪ તાલુકામાં તહલકો મચાવી દીધો છે. આરોગ્ય વિભાગ દરરોજ માત્ર ૪ થી ૫ પોઝિટિવ કેસ દેખાડી રહ્યું છે પરંતુ મોડાસા ખાતેની કોવિડ હોસ્પિટલમાંથી બહાર આવતી વિગતો અનુસાર માત્ર મોડાસામાં જ ૯૦ બોટલ ઓક્સિજન ગેસનો દૈનિક વપરાશ છે તેના ઉપરથી કોરોનાએ કેટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે તેનો અંદાજ આવી શકે છે. સમર્થનવાળા સૂત્રોનું માનીએ તો જિલ્લામાં માત્ર દૈનિક ઓક્સિજનની જરૂરીયાત મુજબ હવે માત્ર ૩ દિવસ ચાલે તેટલો જ ઓક્સિજનનો જથ્થો છે જેથી ઓક્સિજનનો સ્ટોક વધારવા માટે વિભાગના અધિકારીઓને ઓક્સિજન ઉત્પાદન કરતી કંપનીઓમાં દોડાવ્યા છે. બુધવારે જિલ્લામાં કોરોનાથી કણસતા દર્દીઓ માટે રેમડેસિવિરના ૫૦૦ ઈન્જેક્શન આપવાની આરોગ્ય વિભાગે હૈયાધારણા આપી હતી પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાને તેમાંથી માત્ર ૨૫૦ ઈન્જેક્શન મળ્યા છે. એક રીતે રેમડેસિવિરનો પૂરતો જથ્થો હોવાનો દાવો ખોટો સાબિત થયો છે. આવેલ જથ્થામાંથી રીટેલરોની માંગ પ્રમાણે સાબરકાંઠામાં ૧૦૮ અને અરવલ્લીમાં ૫૮ ઈન્જેક્શનની ફાળવણી થઈ છે અને આ જથ્થો માત્ર મોડાસા અને હિંમતનગરના મેડીકલ સ્ટોર્સમાં ફાળવવામાં આવ્યો છે.

### આજે ૨૫૦ ઈન્જેક્શનનો જથ્થો મળી શકે છે..

સાબરકાંઠા ડ્રગ ઈન્સ્પેક્ટર પાર્થિવ પટેલે જણાવ્યું કે જિલ્લાની ૫૦૦ રેમડેસિવિર ઈન્જેક્શનની ડીમાન્ડ સામે ૨૫૦ ઈન્જેક્શન મળ્યા છે. આજે વધુ ૨૫૦ ઈન્જેક્શન મળી જશે અને જે હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે ત્યાંના સ્થાનિક મેડીકલ સ્ટોર્સની ડીમાન્ડ પ્રમાણે ફાળવણી થશે. ૨ દિવસ અગાઉ ૪૮૦ ઈન્જેક્શનની ફાળવણી થઈ હતી જેમાંથી હિંમતનગરના ૧૬ મેડીકલમાં ૩૦૨ ઈન્જેક્શન અને અરવલ્લીના ૫ મેડીકલમાં ૮૮ ઈન્જેક્શન ફળવાયા છે.

### દર્દીઓ પોતાના સ્વજનને બચાવવા દોટ લગાવી રહ્યા છે..

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછતની વાત સાંભળી જિલ્લાની પ્રજા ઉચાટમાં આવી ગઈ છે પરંતુ જેમના સગાને કોવિડ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે અને ખાસ કરીને રેમડેસિવિર ઈન્જેક્શન મેળવવા માટે દર્દીઓના સ્વજનો ધોમધખતા તાપમાં એક મેડીકલ સ્ટોર્સ થી બીજા મેડીકલ સ્ટોર્સ ઉપર દોટ લગાવી રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં તો પ્રિન્ટ કરતાં પણ વધુ ભાવ આપવા માટે સ્વજનો તૈયાર છે પરંતુ જિલ્લાના મેડીકલ સ્ટોર્સના સંચાલકોએ કપરા કાળમાં માનવતાના અનોખા દર્શન કરાવ્યા છે. જથ્થો હોય તો પ્રિન્ટ ભાવે જ આપી રહ્યા છે.

### રેમડેસિવિરના ભાવ ઘટાડો..

ગુજરાત સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનો રોગચાળો તિવ્ર ગતિએ આગળ વધી રહ્યો છે. રેમડેસિવિર ઈન્જેક્શનની માંગમાં ઉછાળો આવ્યો છે ત્યારે મહેન્દ્ર બ્રહ્મભટ્ટ, ધર્મેન્દ્ર પટેલ, કેતન બારોટ સહિતના યુવા કાર્યકરોએ રાજ્ય અને કેન્દ્ર સરકાર માનવીય અભિગમ અપનાવી કોરોનાની સારવારમાં ઉપયોગી રેમડેસિવિર તેમજ અન્ય દવાઓના ભાવ ઘટાડે તેવી માંગ કરી છે.

# સ્ફોટક સ્થિતિ : સાબરકાંઠામાં સર્વાધિક ૨૨ કોરોના પોઝિટિવ કેસ

## અનેક ગામડાઓમાં કોરોનાનો પગપેસારો, આરોગ્ય તંત્ર હાંફ્યું

દિવસો પસાર થાય તેમ કોરોનાની સ્ફોટક સ્થિતિ સામે આવી રહી છે. સાબરકાંઠામાં કોરોનાએ ધબધબાટી બોલાવી હોય તેમ વર્તમાન મહિનાના સર્વાધિક ૨૨ પોઝિટિવ કેસ સામે આવતાં અનેક વિસ્તારોમાં ચિંતા પ્રસરી છે. સાબરકાંઠાના શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાએ પગપેસારો કરતાં આરોગ્ય તંત્ર હાંફી રહ્યું છે. ચેપગ્રસ્ત શહેરી વિસ્તારોમાંથી ગામમાં આવતા લોકોએ કોરોનાના સંક્રમણને બેકાબુ બનાવ્યાના આક્ષેપ લાગ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાની બીજી લહેરથી ઉત્તર ગુજરાતમાં પાટણ, મહેસાણા પછી સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ સ્થિતિ કથળી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં કોરોનામાં કણસતા દર્દીઓને રેમડેસિવિયર ઈન્જેક્શનની અછતથી જીવન ઉપર ખતરો ઉભો થયો છે. જેમ દિવસ પસાર થાય તેમ લાઈફ સેવિંગ દવાઓની માંગમાં ઉછાળો આવ્યો છે. જિલ્લાનું વહીવટી તંત્ર સજાગ નહીં બને તો આવતી કાલ સાંજ સુધીમાં જિલ્લામાં ઓક્સિજનની અછત પણ તંત્રને હચમચાવી શકે છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં કુલ-૨૨ લોકોને કોરોના પોઝિટિવ હોવાના અહેવાલ સામે આવ્યા છે જેમાં હિંમતનગરના સુરજપુર ઉપરાંત હિંમતનગરના આંબાવાડી, ગોકુલનગર, મહેતાપુરા, શારદાકુંજ, સતનગર, નિકુંજ સોસાયટી, ચુંદડી પેલેસ, શાસ્ત્રીનગર, અલકાપૂરી, શાંતિનગર, ન્યાય મંદિર ઉપરાંત આગીયોલ ગામમાં પોઝિટિવ કેસ નોંધાયા છે. ઈડર તાલુકાના લેઈ ગામમાં વધુ એક કેસ નોંધાયો છે. ઉપરાંત જુમસર, ખોડમ, સાબલવાડમાં પણ કેસ નોંધાયા છે. ખેડબ્રહ્માની દેવી સોસાયટીમાં કેસ સામે આવ્યો છે. પ્રાંતિજના સલાલ અને પ્રાંતિજની નાનીભાગોળમાં પણ કુલ-૨ કેસ નોંધાયા છે. તલોદના રણાસણમાં પણ કોરોનાએ થપ્પો લીધો છે.

# જિલ્લામાં ગમે તે ઘડીએ લૉકડાઉનના ભયથી કરીયાણાની ખરીદી માટે ભીડ

## કોરોનાનું સંક્રમણ છતાં પ્રજા સાવચેતી રાખવાનું ભૂલી

હાઈકોર્ટના નિર્દેષ પછી ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતના ૨ શહેરો સહિત રાજ્યના ૨૦ શહેરોમાં તા.૩૦ એપ્રિલ સુધી રાત્રે ૮-૦૦ થી સવારે ૬-૦૦ કરફ્યું જાહેર કર્યો છે. રાજ્યમાં કોરોનાની સ્થિતિ બેકાબુ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના પરાકાષ્ટાએ પહોંચતાં જિલ્લામાં ગમે તે ઘડીએ લૉકડાઉનના ભયથી કરીયાણાની ખરીદી માટે મોલ અને દુકાનોમાં સવાર-બપોર-સાંજ ભીડ જોવા મળી. કોરોનાનું સંક્રમણ છતાં પ્રજા સાવચેતી રાખવાનું ભૂલી છે અને વેપારીઓ પણ સોશ્યલ ડિસ્ટન્સ જાળવી શકતા નથી.



કોરોનાની વધતી મહામારીમાં બીજી લહેરે સરકાર સહિત આરોગ્ય વિભાગને હચમચાવી નાખી છે. અરવલ્લી જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન સંભવિત કોરોનાના સંક્રમણથી ૭ લોકોના મોત નિપજ્યાની વિગતો સોશ્યલ મીડીયામાં વાયરલ થઈ છે. પરંતુ જવાબદાર તંત્ર એકપણ મોતને પુષ્ટી આપતું નથી. આ માત્ર અરવલ્લી જિલ્લાની વાત છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં સરકારી દફતરે દરરોજ સરેરાશ ૧૫ થી વધુ કેસ આવી રહ્યા છે. મોતનો આંકડો પણ ઉંચકાઈ રહ્યો છે તેમ છતાં કોવિડના કારણે મોત નિપજ્યાનું તંત્ર સ્વીકારતું નથી. પાછલા ૨૪ કલાક દરમ્યાન હાઈકોર્ટના નિર્દેષ પછી લૉકડાઉન આવી જશે કે આંશિક લૉકડાઉન હશે..?? તેવી અટકળો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વાયુવેગે પ્રસરી રહી છે. રખે ને ગમે તે ઘડીએ લૉકડાઉન આવે તો ઘરમાં ખાવાનું શું..?? એ ઉદ્દેશ્યથી મહિલાઓએ કરીયાણું ખરીદવા માટે દોટ લગાવી છે. એક સાથે ૧૦ થી ૧૫ દિવસનું કરીયાણું ખરીદાતાં અનેક દુકાનોમાં માલની અછત પણ જોવા મળી. જો કે જિલ્લાના કરીયાણાના વેપારીઓએ માંગો તેટલો કરીયાણાનો જથ્થો મળશે તેવી હૈયાધારણા આપતાં અનેક ગૃહીણીઓએ ખપ પૂરતું જ કરીયાણું ખરીદ્યાનું જાણવા મળ્યું છે.

# અરવલ્લીમાં કોરોના માનવભક્ષી બન્યો, બે સિનિયર સિટીઝનના મોતથી સન્નાટો

## મોડાસાની કોવિડ હોસ્પિટલમાં બેડ ખૂટી પડ્યા, ૩૦ બેડ વધાર્યા, કલેક્ટરે તમામ અધિકારીઓની રજા રદ કરી : ટેસ્ટીંગ દરમ્યાન વધુ ૫૬ કોરોના સંક્રમિત લોકો મળી આવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

કોરોનાના નવા સ્ટ્રેનમાં સિનિયર સિટીઝનના જીવ ઉપર જોખમ વધ્યું છે. અરવલ્લીમાં કોરોના માનવભક્ષી બની રહ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન નિપજ્યાનો મામલો સામે આવ્યો છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન કરવામાં આવેલા કોરોના ટેસ્ટીંગમાં વધુ ૫૬ લોકો કોરોના સંક્રમિત હોવાનું બહાર આવ્યું છે. આગામી ૪ અઠવાડીયાં જિલ્લા માટે વધુ જોખમી બની રહેશે તેવી દહેશત સેવાય છે. મોડાસા સાર્વજનિક હોસ્પિટલની કોવિડ હોસ્પિટલમાં દર્દીઓ વધતાં બેડ ખૂટી પડ્યા છે. જેથી તાબડતોબ નવા ૩૦ બેડનો વધારો કરાયો છે. અરવલ્લી જિલ્લામાં કોરોના બેકાબુ બનતાં જિલ્લા કલેક્ટરે તમામ અધિકારી અને કર્મચારીઓની રજાઓ રદ કરી છે.

કોરોનાની બીજી લહેરમાં જિલ્લાના મોડાસા અને મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કારણે ૨ સિનિયર સિટીઝનના મોત

**અરવલ્લી જિલ્લામાં દોઢ લાખ લોકોના કોરોના ટેસ્ટ**

અરવલ્લી જિલ્લાની ૧૦ લાખ જેટલી માનવ વસતીમાં અત્યાર સુધીમાં માત્ર ૧,૫૧,૭૪૫ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગત રોજની સ્થિતિએ ૫૬ એક્ટિવ કેસ અને ૧૨૪૫ કેસ રિકવર થયા છે. ૧૬૨ લોકો ક્વોરન્ટાઈન હેઠળ છે અને માત્ર ૨૬ લોકોના મોત નિપજ્યા છે. જો કે વાસ્તવિક સ્થિતિ જિલ્લાની પ્રજા જાણે છે. આરોગ્ય વિભાગના આંકડા સત્યથી અનેક ગણા વેગળા હોવાનો આરોપ લાગ્યો છે.

અન્ય રાજ્ય અને જિલ્લાની સરહદથી ઘેરાયેલા અરવલ્લી જિલ્લામાં ફરી એકવાર કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. આરોગ્ય તંત્ર ભલે દફતર ઉપર સિમિત કેસ પ્રદર્શિત કરતું હોય પરંતુ જે રીતે જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓને ઝડપથી સારવાર મળે તે માટે ઉપયોગમાં લેવાતા રેમડીસેવિયર ઈન્જેક્શનની અછત દેખાય છે તે ઘણું બધું કહી જાય છે. રેમડીસેવિયર ઈન્જેક્શનનો જથ્થો ઉપલબ્ધ હોવાના દાવા હાલ તો ખોટા ઠર્યા છે. અસંખ્ય ચેપગ્રસ્ત દર્દીઓ સારવાર માટે રઝળપટ




કરતા જોવા મળ્યા. કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં સરકારી દવાખાનાં, સામૂહીક આરોગ્ય કેન્દ્ર, રેફરલ હોસ્પિટલમાં ટેસ્ટ કરાવવા માટે આવતા લોકોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. જ્યારે જાણીતા ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો પણ કહી રહ્યા છે કે ભીડ ઓછી થાય તો બીજી લહેર સામાન્ય નબળી પડી શકે છે પરંતુ આ માટે મિની લૉકડાઉનની તજજ્ઞોએ તરફદારી કરી છે.

# બાયડમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઉઘરાણું કરી ફોર્મ સંતાડી રાખ્યા

## ગમે તે ઘડીએ છેતરપીંડીની પોલીસ ફરિયાદના ભણકારા..!!

બાયડ તા.૦૭

બાયડ પાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૫૦ થી વધુ અરજદારોના ફોર્મ સંતાડી રાખી કેટલાક અરજદારો પાસેથી અરજદાર દીઠ રૂા.૨૦૦૦નું ઉઘરાણું કરાયાના આક્ષેપથી હલચલ મચી ગઈ છે. વિભાગ દ્વારા તપાસ થાય તો બાયડ પાલિકા વિસ્તારના લાભાર્થીઓ સાથે થયેલી છેતરપીંડીનો વિસ્ફોટ થઈ શકે છે. અત્યંત ગરીબ પરિવારોને છેતરનાર એજન્સીના નિયુક્ત કર્મચારી સામે ગમે તે ઘડીએ પોલીસ ફરિયાદના ભણકારા વાગી રહ્યા છે.

બાયડ પાલિકા વિસ્તારમાં આવતા બાયડ ઉપરાંત અદાનાછાપરા, સુંદરપુરા, અરજણવાવ, ધડુશીયામઠના અનેક અરજદારોએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભ લેવા માટે યોગ્ય સાધનિક દસ્તાવેજો સાથે દરખાસ્ત કરી હતી. જે પૈકીના અનેક લાભાર્થીઓના મકાનો મંજુર થયા હતા અને હજુ પણ ૧૦૦ થી વધુ લાભાર્થીઓના છેલ્લા હપ્તા તેમના બેન્ક ખાતામાં જમા થયા નથી પરંતુ હવે ચોંકાવનારી વિગતો સામે આવી છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના માટે નિયુક્ત કરેલી દીશા સિવિલ એન્જીનિયરીંગ ડીઝાઈન એજન્સીના સંચાલકે બાયડમાં કર્મચારીની નિયુક્તિ કરી હતી. બાયડ તાલુકાના ગાબટ વિસ્તારના કર્મચારીએ બાયડ બસ સ્ટેશન વિસ્તાર, જુના બસ સ્ટેશન વિસ્તાર, ગામ તથા અન્ય વિસ્તારના અરજદારો પાસેથી રૂા.૨-૨ હજાર ખંખેરી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો કેસ મંજૂર કરી આપવાની હૈયાધારણા આપી હતી પરંતુ લાંબા સમય છતાં પણ કેટલાય લાભાર્થીઓના આવાસ મંજૂર થઈને આવ્યા ન હતા અને પાલિકામાં જઈને તપાસ કરતાં કેટલાય લાભાર્થીઓના ફોર્મ પાલિકામાં જમા થયા ન હોવાની વિગતો સામે આવી છે. બાયડ પાલિકામાં લાભાર્થીઓ પાસેથી પૈસા ખંખેરવાનો ખેલ બહાર આવતાં જિલ્લા કલેક્ટરે આ મુદ્દે તપાસના આદેશ આપી ઉઘરાણાખોર કર્મચારી સામે કાર્યવાહી કરવી જોઈએ.

### દુઃખદ અવસાન..

હિંમતનગર તાલુકાના ખેડ(ચાંદરણી) ગામના, આંજણા ચૌધરી સમાજના અગ્રણી શિવુભાઈ



વિરસીંગભાઈ પટેલના અવસાનથી સમાજમાં ઉંડા શોકની લાગણી ફરી વળી છે. પટેલ એન્ડ શાહના હુલામણા નામથી ઓળખાતા શ્રીમદ્ જેસીંગબાપાના અદના સેવક તેમજ ધાર્મિક, શૈક્ષણિક, સામાજીક, વેપાર-ધંધામાં આગવું તેમનું યોગદાન રહેલું છે. અખિલ આંજણા કેળવણી મંડળ-ગાંધીનગર સંસ્થાના ટ્રસ્ટી તેમજ સમાજની અનેક શૈક્ષણિક સંસ્થાઓના પ્રમુખ પદે તેઓએ યશસ્વી સેવાઓ આપી હતી.

# આનંદો : બોર્ડની ચૂંટણીમાં રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘના બંન્ને ઉમેદવારો ઉત્તર ગુજરાતના

## બોર્ડ સભ્ય તરીકે પ્રચંડ બહુમતીથી જીતશે તેવી સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણીનો જંગ શરૂ થયો છે જેમાં ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે ખંડ-૨ અને ખંડ-૩માં પોતાના સત્તાવાર ઉમેદવારોના નામ આચાર્ય અને શિક્ષક સંવર્ગમાં જાહેર કર્યા છે. પાર્લામેન્ટરી બોર્ડે ઉત્તર ગુજરાતના જશવંતકુમાર કાન્તિલાલ રાવલ(પાટણ)ને ઉત્તર બુનિયાદી શિક્ષક અને આચાર્ય વિભાગના તેમજ હસમુખભાઈ દેવજીભાઈ



પટેલ(ખેડબ્રહ્મા, સાબરકાંઠા)ને ઉત્તર બુનિયાદી શાળાઓ



સિવાયની અનુદાનિત શાળાઓના માન્ય ઉમેદવાર તરીકે જાહેર કરાયા છે.

જે રીતે ૨૭ જિલ્લા પૈકી ૨૪ જિલ્લામાંથી બંન્ને ઉમેદવારોને સમર્થન મળ્યું છે તે જોતાં બોર્ડ સભ્ય તરીકે પ્રચંડ બહુમતીથી જીતવાની સંભાવના છે. હસમુખભાઈ પટેલને મંડળના સત્તાવાર અને માન્ય ઉમેદવાર તરીકે જાહેર કરાતાં સાબરકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘના પૂર્વ અધ્યક્ષ, પૂર્વ પ્રમુખ વી.એમ.પટેલે તેમને પ્રચંડ બહુમતીથી જીતના સુભાશિષ પાઠવ્યા હતા.







### ગ્રોમોર ઈજનેરી કોલેજ-હિંમતનગરમાં એક્સપર્ટ ટૉકનું આયોજન

ગ્રોમોર ઈજનેરી કોલેજ-હિંમતનગરમાં ડિગ્રી અને ડિપ્લોમા મિકેનીકલ શાખામાં અભ્યાસ કરતા છાત્રો માટે ખાસ એક્સપર્ટ ટૉકનું આયોજન કરવામાં આવ્યું. ઈવન્ટમાં ડૉ.ડી.બી.જાની દ્વારા મિકેનીકલ શાખાની આધુનિક રેળીઝરેશન અને કુલીંગ સીસ્ટમ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઈનોવેશન અને રીસર્સ માટે પ્રોત્સાહીત કરવામાં આવ્યા જેમાં ૧૧૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ઈવેન્ટમાં સામેલ થયેલા તમામ છાત્રોને પ્રમાણપત્ર આપી ઉત્સાહ વધાર્યો હતો. ઈવેન્ટમાં પ્રો.આશિષ પટેલ, ઈન્ચાર્જ પ્રિન્સીપાલ પ્રો.ભરત ડી. સુથારે છાત્રોને સંબોધન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન સંસ્થાના ટ્રસ્ટી ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, જે.ડી.પટેલ, કેયૂર પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.